For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in




# ખાડીનું 'પાણી' ઊતર્યું, હવે ચિંતા તૂટતી કમરની અને રોગચાળાની!

**ખાડીપૂરગ્રસ્ત** કુંભારિયા રોડ, પરવટ પાટિયા, મગોબ, મીઠી ખાડી, ગોડાદરા, સણિયા-હેમાદ, ભેદવાડ, લિંબાયત, પાંડેસરા સહિતના વિસ્તારોમાં રસ્તામાં તોબા પોકારે તેવા ખાડા

**સ્થાનિકો** તાકીદે સફાઈ માટે કરગરી રહ્યા છે, કમિ.ના આદેશ છતાં પણ સફાઈ-પેચવર્કની કામગીરી ધીમી

સુરતઃ આપોઆપ ઉભરાતા ખાડીપૂરના પાણી ઓસર્યા પછી સુરતીઓનો અસલી સંઘર્ષ હવે શરૂ થયો છે. પૂરના પાણી તો ધીમે ધીમે ઓસરી ગયા, પણ પાછળ છોડી ગયા છે વેદના, યાતના અને ચીસો પાડતી લાચારીનો એક મોટો દરિયો. જે વિસ્તારો ગઈકાલ સુધી પાણીમાં

...અનુસંધાન પાના 5 પર

'રાહત નહીં, કાયમી ઉકેલ જોઈએ, હવે સહન નહીં'ના નારા સાથે લડતના મંડાણની પોસ્ટ વાયરલ

## મીઠી ખાડીના પૂર પીડિતોમાં આક્રોશ, જનઆંદોલનની હાંકલ

**લિંબાયતના** કષ્ટભંજન હનુમાન મંદિર ખાતે ખાડીપૂરગ્રસ્તને ઊમટી પડવા આહવાન પણ કરાયું હતું



સુરતઃ મીઠી ખાડીના વારંવાર આવતા પૂરથી ત્રસ્ત બનેલા હજારો પરિવારોમાં હવે અસંતોષ ખુલ્લેઆમ આંદોલનમાં ફેરવાઈ રહ્યો છે. હવે અમારી માંગ નહીં... અમારો અધિકાર છે અને આ વખત અમારા હક્ક, અમારી સુરક્ષા અને અમારા ભવિષ્ય માટે જેવા સૂત્રો સાથે પૂરપીડિતોએ કાયમી ઉકેલ માટે જનઆંદોલનની જાહેરાત કરતી એક પોસ્ટ સોશિયલ મીડિયામાં વાયરલ થઇ હતી. જાહેર કરવામાં આવેલા પોસ્ટર મુજબ 27 જુલાઈ, સોમવારે સાંજે 9 વાગ્યે લિંબાયતના કષ્ટભંજન હનુમાનજી મંદિર, માધવબાગ ખાતે મીઠી ખાડીથી પ્રભાવિત વિવિધ સોસાયટીઓના હોદ્દેદારો, યુવાનો, મહિલાઓ અને રહેવાસીઓને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવાનું આહ્વાન પણ કરાયું હતું. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ ખાડીપૂરની

...અનુસંધાન પાના 5 પર

તંત્ર બેઠકો ભલે કરે પણ સાથે સાથે ખાડીપૂર નિવારવા માટે ઝડપથી કામગીરી પણ કરે

# પાંચ દિવસમાં ખાડીપૂર નિવારણનો રોડમેપ તૈયાર કરવાનો નવો ટાર્ગેટ

**ખાડીપૂર** નિવારણ સમિતિની પ્રથમ સમીક્ષા બેઠક મળી, જૂની તમામ સમિતીનું વિસર્જન કરી દેવાયું

**રાજ્ય** અને સિટી લેવલની બે નવી કમિટીઓ હેઠળ કામગીરી કરાશે

**NHAI**, DFCC, GETCO, સિંચાઈ વિભાગ સહિત તમામ એજન્સીઓને બે દિવસમાં માહિતી આપવા આદેશ




સુરત : શહેરમાં ખાડીપૂરની વિકટ પરિસ્થિતિ બાદ હવે પાણી ઓસરતા જ સુરત મહાનગરપાલિકા અને રાજ્ય સરકાર ખાડીપૂરની સમસ્યાના કાયમી ઉકેલ માટે એક્શન મોડમાં આવી ગયા છે. સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી તાપીભવન ખાતે યોજાયેલી ખાડીપૂર નિવારણ સમિતિની પ્રથમ સમીક્ષા બેઠકમાં જ સંખ્યાબંધ નીતિવિષયક અને વહીવટી નિર્ણયો લેવામાં આવ્યા હતા. શહેરને દર વર્ષે સતાવતી ખાડીપૂરની સમસ્યાનો ટેકનિકલ અને વૈજ્ઞાનિક અભિગમથી કાયમી ઉકેલ લાવવાનો રોડમેપ બેઠકમાં તૈયાર કરવામાં આવ્યો હતો. મ્યુનિસિપલ કમિશનરે તમામ વિભાગોને બાકી રહેલી વિગતો તાત્કાલિક સોંપી દેવા સૂચના આપતાં આગામી પાંચ દિવસમાં ખાડીપૂર નિવારણ માટેનો પ્રાથમિક રિપોર્ટ રજૂ કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. તાજેતરમાં શહેરે ખાડીપૂરની ગંભીર હોનારતનો સામનો કર્યા બાદ પાણી ઓસરતાં જ ખાડીપૂર

...અનુસંધાન પાના 5 પર

### ખાડી પર ગેજ સ્ટેશન ઊભા કરાશે, જરૂરી મંજૂરીઓ તુરંત મળે તે માટે એક ટીમ કાયમી ધોરણે તૈનાત રહેશે

પ્રોજેક્ટની કાનૂની અને વહીવટી પ્રક્રિયા ઝડપથી પૂર્ણ થાય તે માટે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, ગુજરાત પોલીસ, ગુજરાત મેરીટાઈમ બોર્ડ સહિતની વિવિધ સંસ્થાઓ પાસેથી જરૂરી મંજૂરીઓ સમયસર મેળવવા કન્સલ્ટન્ટને અધિકારીઓ સાથે સતત સંકલન રાખવા સૂચના આપવામાં આવી હતી. બીજી તરફ URDCL અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) દ્વારા ઉપલબ્ધ ડેટા પણ કન્સલ્ટન્ટને સોંપી દેવામાં આવ્યો છે. કાર્યને વધુ ઝડપી બનાવવા માટે કન્સલ્ટન્ટ એજન્સીની વિશેષ ટેકનિકલ ટીમને સુરત મહાનગરપાલિકાના GIS સેલ ખાતે કાયમી ધોરણે તૈનાત રાખવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો. તેમજ ખાડીમાં ઉપરવાસમાંથી આવતા પાણી પર વોચ રાખવા બે થી ચાર કિલોમીટરના અંતરે ગેજ સ્ટેશન ઉભા કરવા પણ મનપા કમિશનરે તાકીદ કરી છે.

### ખાડીપૂરમાં કયા વિસ્તારમાં કેટલું પાણી હતું તેનું ગૂગલ મેપિંગ કરવામાં આવ્યું

મનપા કમિશનર એમ નાગરાજને કહ્યું હતું કે, ખાડીપૂરના સમયે કયા વિસ્તારમાં કેટલું પાણી ભરાયું છે તેનું ગુગલ મેપિંગ કરવામાં આવ્યું છે. જેના કારણે કયા સમયે કેટલું પાણી ભરાયું હતું તેની માહિતી મનપાને પ્રાપ્ત થઇ શકે અને તેના આધારે કામગીરી પણ કરી શકાય. આ સાથે પૂર જેવી આફતના સમયે સફાઇ સહિતની કામગીરી માટે મધ્યસ્થ કચેરી ખાતેથી વાહનોની ફાળવણી કરવામાં આવતી હોય છે. જોકે હવે ઝોનને સાધનોની ફાળવણી કરવામાં આવે છે. જરૂરીયાત મુજબ ઝોન નક્કી કરશે કે કયા વિસ્તારમાં કેટલા સાધનો મુકવા જોઈએ.

### ખાડીપૂર નિવારવા માટે ટૂંકા ગાળાના કયાં કયાં આયોજનો કરાશે?

- ખાડીમાં જ્યાંથી પાણી આવે છે એ વિસ્તારમાં બે થી ચાર કિમીના અંતરે ગેજ સ્ટેશન બનાવવા, જેથી કેટલો વરસાદ પડ્યો તેની જાણ થાય
- જ્યાં ખાડી પહોળી કરી શકવાની શકયતા છે ત્યાં પહોળી કરવી
- 12 નવી ફાયબર બોટ ખરીદવી
- SDRF પાસે બચાવ રાહત કામગીરીની જે કિટ હોય છે તેવી કિટ તમામ ઝોનને કાયમી ધોરણે ઉપલબ્ધ કરાવવી
- હવેથી ઝોન વાઇઝ મશીનરી ફાળવવાની વ્યવસ્થા ગોઠવવી
- ખાડીના લેવલ પર સતત નજર રાખવા ડીવાઇસ મૂકવા
- મીંઢોળા નદીના મુખ પાસે જિંગા તળાવો તોડ્યા તેના પાળા યથાવત છે તે હટાવવા
- આ વખતે જ્યાં જ્યાં પાણી ભરાયા તેનું માર્કિંગ જીઆઇએસ મેપ પર અંકિત કરવું
- આઇ ટ્રીપલ સી અને તમામ ઝોનમાં પબ્લિક એનાઉસમેન્ટ સીસ્ટમ મુકવી

ગ્રાહકોની જાણ બહાર લોકર્સનો ખેલ પાડી દેવાયો

# ખુદ સંચાલકોએ જ નક્ષત્ર સેફનાં લોકર તોડી 206 તોલા સોનું વેચી નાંખ્યું




**ગ્રાહકોના** કીમતી દાગીના પચાવી પાડવા સેફ હાઉસના સંચાલકો દિયોરા પરિવારનું પૂર્વ આયોજિત કાવતરું

**સીસીટીવી** ફૂટેજ ગાયબ કરવાનો ખેલ, ગ્રાહકોને ગોળ ગોળ ફેરવી હાર્ડ ડિસ્ક ફોર્મેટ કરી દીધી

**ડભોલીના** બિલ્ડર રમેશભાઈ વાઘાણીના ૬૩ તોલા સહિત અન્ય ૫ વેપારીઓ પણ છેતરપિંડીનો ભોગ બન્યા

### કોના કેટલા તોલા સોનાની ચોરી થઈ?

૧. રમેશભાઈ જીવરાજભાઈ વાઘાણીઃ ૬૩ તોલા (કિંમત રૂપિયા ૮૧.૯૦ લાખ)
૨. ચિરાગભાઈ વલ્લભભાઈ ગોટીઃ ૬૨ તોલા
૩. રાજેશભાઈ પીપળીયાઃ ૪૯ તોલા
૪. ઉત્સવ અમરશીભાઇ સવાણીઃ ૧૬ તોલા
૫. જીતેન્દ્રભાઈ બાબુભાઇ બલરઃ ૧૩ તોલા
૬. રમેશભાઈ સવજીભાઈ વાઘાણીઃ ૩ તોલા
કૂલ ચોરાયેલ સોનુંઃ ૨૦૬ તોલા (હાલના બજારભાવ મુજબ કિંમત રૂપિયા ૨,૬૭,૮૦,૦૦૦)

### લોકર ધારકોનો સેફ વોલ્ટ પર હલ્લો

ચોરીના સમાચાર મળતાં જ લોકર ધારકો પોતપોતાની ચાવીઓ લઈને પોતાના દાગીના અને રોકડ ચકાસવા સેફ વોલ્ટ પર દોડી આવ્યા હતા. જેને કારણે સ્થળ પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. અહીં આવીને તપાસ કરતા કેટલાક ગ્રાહકોના લોકર સુરક્ષિત મળી આવ્યા હતા, જ્યારે કેટલાક ગ્રાહકોએ તેમના લોકરમાંથી કિંમતી સામાન અને રોકડ રકમ ગાયબ થઈ હોવાની ગંભીર ફરિયાદો કરી હતી. લોકરમાંથી રોકડા રૂપિયા, સોના-ચાંદીના દાગીના અને ડાયમંડ સહિત લાખો-કરોડો રૂપિયાની મત્તા ગાયબ થઈ હોવાની આશંકા સેવાઈ રહી છે.

### લોકર જામ થઈ ગયાનું કહીને સંચાલકો ગાયબ થઈ ગયા

અન્ય એક લોકર ધારક સવાણી અજય વાલજીભાઈએ જણાવ્યું હતું કે, હું સુરતમાં ડભોલી ચાર રસ્તા પાસે રહું છું. સિંગણપોર ચાર રસ્તા ખાતે આવેલા નક્ષત્ર સેફ હાઉસમાં હાલમાં ગેરરીતિઓ અને લોચા-લબાચાવાળું બે નંબરનું કામકાજ ચાલી રહ્યું છે. મને બે દિવસ પહેલાં ખબર પડી જ્યારે હું મારું લોકર ખોલવા માટે આવ્યો હતો. ત્યારે મારું લોકર ખુલ્યું નહીં અને મને અહીંથી એવો રિસ્પોન્સ મળ્યો કે તમે બીજા દિવસે આવો, તમારું લોકર જામ થઈ ગયું છે અને તેને તોડવું પડશે.

સુરત : સિંગણપોર કોઝવે રોડ પર આવેલા 'નક્ષત્ર સેફ હાઉસ' નામના ખાનગી સેફ વોલ્ટના સંચાલકોએ ગ્રાહકોના કરોડો રૂપિયાના સોનાના દાગીના પર હાથ સાફ કરી લીધાનો કિસ્સો સામે આવ્યો છે. સંચાલકોએ ગ્રાહકોના લોકર બ્રેક કરાવીને અંદર મૂકેલું ૨૦૬ તોલાથી વધુ સોનું (કિંમત રૂપિયા ૨,૬૭,૮૦,૦૦૦) સગેવગે કરી દીધું છે. એક લોકર હોલ્ડર પારિવારિક પ્રસંગે દાગીના લેવા સેફ હાઉસમાં પહોંચતા મામલો બહાર આવ્યો હતો. સિંગણપોર-ડભોલી પોલીસે સેફ હાઉસના માલિકો અને લોકર તોડનાર ઈસમ સામે ગુનાહિત વિશ્વાસઘાત અને ષડયંત્રનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, ડભોલી રોડ ખાતે આવેલા સુંદરમ પાર્કમાં રહેતા અને બાંધકામ વ્યવસાય સાથે સંકળાયેલા રમેશભાઈ જીવરાજભાઈ વાઘાણીએ વર્ષ ૨૦૨૦માં સિંગણપોર કોઝવે રોડ પર આઈસીઆઈસીઆઈ બેંકની બાજુમાં આવેલા 'નક્ષત્ર સેફ વોલ્ટ'માં પોતાની પત્ની હિનાબેનના નામે બી-૨૦૨ નંબરનું લોકર ભાડે રાખ્યું હતું. ગત તા. ૧૧ જુલાઈ ૨૦૨૬ના રોજ કૌટુંબિક પ્રસંગ (શ્રીમંત) હોવાથી રમેશભાઈના સાળા વિનોદભાઈ અને ભરતભાઈ લોકરમાંથી સોનાના દાગીના લેવા માટે ગયા હતા. લોકર ખોલતા જ તેમના હોશ ઉડી ગયા હતા. લોકરમાં મુકેલા ૬૩ તોલા સોનાના દાગીનામાંથી મોટા ભાગના દાગીના ગાયબ હતા અને માત્ર થોડા દાગીના જ બાકી રહ્યા હતા. દાગીના ચોરાયા હોવાની શંકા જતાં રમેશભાઈ અને તેમનો પરિવાર તા. ૧૪ જુલાઈએ સેફ હાઉસ ખાતે પહોંચ્યો હતો અને સીસીટીવી ફૂટેજ ચેક કરવાની માંગ કરી હતી. સાંજ સુધી તપાસ ચાલતી હતી તે દરમિયાન કાઉન્ટર પર બેસતો સંચાલક હર્ષ મહેશભાઈ દિયોરા ગરમ થઈ ગયો હતો અને બધું ગરમ થઈ ગયું છે, મારે કેટલું

...અનુસંધાન પાના 5 પર

# રિક્ષાચાલકો માટેનો ફિટનેસ સર્ટિ.નો રોજનો 50નો દંડ ગેરકાયદે

**ગુજરાત** હાઈકોર્ટ દ્વારા રિક્ષાચાલકોના હિતમાં મહત્ત્વપૂર્ણ ચુકાદો

**જૂની** ઓટો રિક્ષા વગર પેનલ્ટીએ પાસિંગ અને ફિટનેસ કરાવી શકાશે

સુરતઃ ગુજરાત હાઈકોર્ટ દ્વારા રિક્ષાચાલકોના હિતમાં એક મોટો અને મહત્ત્વપૂર્ણ ચુકાદો આપવામાં આવ્યો છે. પરમિટવાળા વાહનો ઉપર ફિટનેસ સર્ટિફિકેટ સમાપ્ત થયા બાદ દરરોજ લેખે 50 રૂપિયાનો

...અનુસંધાન પાના 5 પર

### સુરતના 40 હજાર રિક્ષાચાલકોને ફાયદો

સુરત શહેર જિલ્લા રિક્ષા ઓટો ફેડરેશનના પ્રમુખ મહેશ માસ્તરે કહ્યું હતું કે, સુરતમાં અંદાજે સવા લાખ રિક્ષાચાલકો છે, તે પૈકી 40 હજારથી વધુ રિક્ષા 10 વર્ષ જૂની છે. આ રિક્ષાચાલકો ગરીબ છે, તેઓ પર રોજનો 50 રૂપિયા દંડ ગેરવ્યાજબી હતો. છ મહિના પહેલાં અચાનક જ આ દંડ લાગુ કરી દેવાયો હતો. ઘણા રિક્ષાચાલકોએ મોટી રકમ દંડ પેટે ભરી છે. હાઈકોર્ટના ચુકાદાથી આ ગરીબ રિક્ષાચાલકોને મોટો ફાયદો થયો છે.

# આજથી ફરી ભારે વરસાદ, બંગાળની ખાડીમાં ડીપ ડિપ્રેશન વધુ સક્રિય થયું

**આગામી** તા.3જી ઓગસ્ટ સુધી ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતના અનેક જિલ્લામાં ફરી ભારે વરસાદની આગાહી

**મોટાભાગના** વિસ્તારોમાં ગાજવીજ સાથે 30થી 40 કિ.મી.ની ઝડપે પવન ફુંકાશે

ગાંધીનગરઃ ઉત્તર-પશ્ચિમ બંગાળની ખાડી તથા પશ્ચિમ બંગાળ-ઉત્તર ઓડિશાના દરિયાકાંઠા નજીક સર્જાયેલું ડિપ્રેશન રવિવારે વધુ મજબૂત બની ડીપ ડિપ્રેશનમાં પરિવર્તિત થયું છે. સવારે 8.30 વાગ્યે તે સાગર આઈલેન્ડ નજીક કેન્દ્રિત હતું અને ઉત્તર-ઉત્તર પશ્ચિમ દિશામાં આગળ વધી બાલાસોર અને કેનિંગ વચ્ચે દરિયાકાંઠો પાર કરે

...અનુસંધાન પાના 5 પર

### વરસાદના વિરામને પગલે સુરતમાં ફરીથી ઉકળાટ શરૂ

સુરતઃ છેલ્લા બે-ત્રણ દિવસથી વરસાદના વિરામ બાદ સુરત શહેર અને જિલ્લામાં ફરી વરસાદી માહોલ જામવા લાગ્યો છે. સોમવારે બપોર બાદ શહેર અને જિલ્લાના વિવિધ વિસ્તારોમાં હળવા ઝાપટાં પડતાં વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. શહેરમાં આજે માત્ર 3 મીમી વરસાદ નોંધાયો હતો. વરસાદના વિરામને કારણે શહેરમાં છેલ્લા બે દિવસથી ગરમી અને ઉકળાટમાં નોંધપાત્ર વધારો થયો હતો. આજે શહેરનું મહત્તમ તાપમાન 31.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે ગઈકાલ જેટલું જ રહ્યું. જ્યારે લઘુત્તમ તાપમાન 27.3 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું, જે અગાઉના દિવસની સરખામણીએ આશરે દોઢ ડિગ્રી વધુ હતું.

...અનુસંધાન પાના 5 પર

### ઉકાઈ ડેમમાં પાણીની આવક યથાવત, સપાટી 316.12 ફૂટે પહોંચી

બીજી તરફ, ઉકાઈ ડેમના ઉપરવાસમાં પણ છૂટોછવાયો વરસાદ ચાલુ રહ્યો છે. છેલ્લા 24 કલાક દરમિયાન સાગબારામાં 22 મીમી, દુસખેડામાં 16 મીમી, ચોપડવાવમાં 22 મીમી અને કાકડીમ્બામાં 14 મીમી વરસાદ નોંધાયો છે. ઉપરવાસમાંથી ધીમી ગતિએ પાણીની આવક ચાલુ રહેતાં ઉકાઈ ડેમમાં હાલમાં આશરે 11 હજાર ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. જેના કારણે ડેમની જળસપાટીમાં સતત વધારો થઈ રહ્યો છે અને હાલમાં ડેમની સપાટી 316.12 ફૂટે પહોંચી છે.

# ઓએનજીસી પ્લાન્ટ નજીક ફરી દીપડાની દસ્તક, CCTVમાં કેદ

**વન** વિભાગે તાત્કાલિક બે પાંજરાં ગોઠવી દીધાં, અગાઉ ક્રિભકો નજીક દીપડાએ દેખા દીધી હતી

સુરતઃ સુરત નજીક આવેલા ઓએનજીસી પ્લાન્ટ વિસ્તારમાં ફરી એકવાર દીપડાની હાજરી નોંધાતા કર્મચારીઓ અને આસપાસના વિસ્તારમાં ચિંતા ફેલાઈ છે. શુક્રવારે રાત્રે આશરે 8 વાગ્યાના સમયે પ્લાન્ટમાં લાગેલા સીસીટીવી કેમેરામાં દીપડો દેખાયો હતો. ઘટના સામે આવતા તાત્કાલિક વન વિભાગને જાણ કરવામાં આવી હતી. વન વિભાગે દીપડાને પાંજરે પુરવા બે અલગ અલગ જગ્યાએ પાંજરાં ગોઠવી દીધાં હતાં.

માહિતી મળતાં જ વન વિભાગની ટીમ સ્થળ પર પહોંચી હતી અને દીપડાને સુરક્ષિત રીતે પકડવા માટે અલગ અલગ બે સ્થળે પાંજરાં ગોઠવી દીધાં હતાં. વન વિભાગની ટીમ દ્વારા સમગ્ર વિસ્તારનું નિયમિત પેટ્રોલિંગ અને સતત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે, જેથી દીપડાની હિલચાલ પર નજર રાખી શકાય. સીસીટીવીમાં દેખાયા બાદ દીપડો ફરી નજરે ચડ્યો નથી. તેમ છતાં સાવચેતીના ભાગરૂપે વન વિભાગે પ્લાન્ટ સંચાલનને સતર્ક રહેવા તેમજ કર્મચારીઓને ખાસ તકેદારી રાખવાની સૂચના આપી છે. વન વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ, ઓએનજીસી અને આસપાસનો વિસ્તાર ઝાડી-ઝાંખરાથી ઘેરાયેલો હોવાથી અહીં જંગલી પ્રાણીઓની અવરજવર સમયાંતરે જોવા મળે છે. ભૂતકાળમાં પણ નજીક આવેલી ક્રિભકો કંપનીના વિસ્તારમાં દીપડો દેખાયો હતો. તે સમયે પણ દીપડો થોડા સમય બાદ જંગલ વિસ્તારમાં ચાલ્યો ગયો હતો. વન

...અનુસંધાન પાના 5 પર

સાયબર ઠગાઈ સામે ડિજિટલ હથિયારરૂપે 'e-Zero FIR' સુવિધા શરૂ કરાઈ

# સાયબર ફ્રોડમાં હવે પોલીસમથકના ધક્કા નહીં

**1930** પર ફરિયાદ અને ઘરબેઠા FIR, ગુજરાતમાં 'e-Zero FIR' વ્યવસ્થાનો અમલ

ગાંધીનગરઃ સાયબર ફાઈનાન્સિયલ ફ્રોડના વધતા બનાવો વચ્ચે રાજય સરકારે પીડિતોને ઝડપી ન્યાય અને તાત્કાલિક પોલીસ કાર્યવાહી મળે તે માટે વધુ એક મહત્વપૂર્ણ ડિજિટલ પહેલ કરી છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગાંધીનગર ખાતે 'સાયબર ફાઈનાન્સિયલ ફ્રોડ e-Zero FIR' સેવાનો પ્રારંભ કરાવ્યો છે. હવે 1930 હેલ્પલાઈન પર ફરિયાદ નોંધાવતાની સાથે જ આપોઆપ 'e-Zero FIR' તૈયાર થઈ સંબંધિત પોલીસ સ્ટેશનમાં પહોંચી જશે, જેના કારણે પીડિતોને પોલીસ સ્ટેશન સુધી જવાની જરૂર નહીં રહે અને ગુમાવેલી રકમ બચાવવાની શક્યતા પણ નોંધપાત્ર રીતે વધશે.

સાયબર આર્થિક છેતરપિંડીના કેસોમાં ઝડપી કાર્યવાહી સુનિશ્ચિત કરવા ગુજરાત સરકારે રાજ્યમાં 'સાયબર ફાઈનાન્સિયલ ફ્રોડ e-Zero FIR' સેવાની શરૂઆત કરી છે. ગાંધીનગર ખાતે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે આ સેવાનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. નવી વ્યવસ્થા હેઠળ સાયબર ફ્રોડનો ભોગ બનેલા નાગરિકો માત્ર 1930 હેલ્પલાઈન પર ફરિયાદ નોંધાવશે અને તે ફરિયાદના આધારે સિસ્ટમ દ્વારા આપોઆપ 'e-Zero FIR' જનરેટ થઈ સંબંધિત પોલીસ સ્ટેશનમાં મોકલવામાં આવશે. પરિણામે ફરિયાદ નોંધવામાં થતો વિલંબ ઘટશે અને છેતરાયેલી રકમ ફ્રીઝ કરીને બચાવવાની શક્યતા વધશે. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર ટેક્નોલોજીના ઉપયોગથી નાગરિકોને વધુ ઝડપી, સરળ અને પારદર્શક પોલીસ સેવા ઉપલબ્ધ કરાવવા પ્રતિબદ્ધ છે. 'e-Zero FIR' વ્યવસ્થાથી સાયબર ફ્રોડના પીડિતોને ઘરબેઠાં જ ફરિયાદ નોંધાવવાની સુવિધા મળશે અને સમયસર કાર્યવાહીથી નાણાં પરત મેળવવાની સંભાવના પણ વધશે.

રાજ્યના પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકે આ નવી વ્યવસ્થાના અસરકારક અમલીકરણ માટે તમામ ફિલ્ડ યુનિટોને સંવેદનશીલતા અને ગંભીરતા સાથે કામગીરી કરવાની સૂચના આપી છે. તેમણે અધિકારીઓને દરેક અરજદારને ઝડપી ન્યાય મળે અને સાયબર ગુનાઓમાં ત્વરિત તપાસ શરૂ થાય તે સુનિશ્ચિત કરવા ભાર મૂક્યો છે. સાયબર સેન્ટર ઓફ એક્સિલેન્સના આઈજીપી બિપિન આહીરેએ જણાવ્યું હતું કે કેન્દ્રીય ગૃહ મંત્રાલયના ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (I4C) સાથે સંકલન સાધીને આ વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવી છે. 1930 હેલ્પલાઈન પર મળતી સાયબર ફાઈનાન્સિયલ ફ્રોડની ફરિયાદોના આધારે સિસ્ટમ દ્વારા આપોઆપ Zero FIR તૈયાર થશે, જે સંબંધિત પોલીસ સ્ટેશનને

...અનુસંધાન પાના 5 પર


શ્રદ્ધાંજલિ



નથી હયાત પણ તમે સાથે હોય એવું લાગ્યા કરે છે,
હર પળ તમારી હાજરીનો આભાસ લાગ્યા કરે છે.
કયારેક કહેવાયેલ વાતોના ભણકારા વાગ્યા કરે છે.
યાદોમાં તમારા પ્રત્યક્ષ દર્શન થયા કરે છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લિ.
પ્રશાંત હસમુખલાલ મોદી
એડવોકેટ એન્ડ નોટરી
તથા સમસ્ત પરિવાર

સ્વ. હસમુખલાલ એમ. મોદી (એડવોકેટ)
સ્વ. તા. ૨૮/૦૭/૨૦૨૦
સ્થળ : RNG એવન્યુ, નિશાલ સર્કલ, પાલ, સુરત.

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ 3000/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

રાજપુત બેસણું



દિલગીરી સહ જણાવવાનું કે મારા પિતાશ્રી પ્રમોદસિંહજી લાલસિંહજી પરમાર 25/7/2026ને શનિવારના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુને ગમ્યું એ ખરું. સદગતનું સંયુક્ત બેસણું નીચેના સ્થળે રાખેલ છે.

તારીખ : 29/7/2026ને બુધવારના રોજ 3 થી 6 કલાકે

સ્થળઃ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ ઓડિટોરિયમ હોલ, ડોકમરડી, સેલવાસ.

શ્રીમાન પ્રશાંતસિંહજી પ્રમોદસિંહજી પરમાર
ગં.સ્વ. કુસુમબા પ્રમોદસિંહજી પરમાર
ગં.સ્વ. રંજનબા ઈશ્વરસિંહજી પરમાર
ગં.સ્વ. પુષ્પાબા હરેન્દ્રસિંહજી પરમાર
દિવ્યાબા સુરેન્દ્રસિંહજી દેસાઈ
શ્રીમાન સુરેન્દ્રસિંહજી ભગવાનસિંહજી દેસાઈ
કિર્તીબા પ્રમોદસિંહજી પરમાર
વૈશાલીબા પ્રમોદસિંહજી પરમાર
શ્રીમાન મેહુલસિંહજી ઈશ્વરસિંહજી પરમાર
શ્રીમાન પ્રિયાંકસિંહજી ઈશ્વરસિંહજી પરમાર
તથા સમસ્ત પરમાર પરિવાર
મોરીફળીયા, નરોલી, દાદરા નગર હવેલી
મો. 9904425151, 9909772909

સસરા પક્ષ
શ્રીમાન અનુપસિંહજી ઝીણાસિંહજી સોલંકી
સ્વ. ભુપેન્દ્રસિંહજી ધીરજસિંહજી સોલંકી
ગં.સ્વ. ગંગાબા ભુપેન્દ્રસિંહજી સોલંકી
શ્રીમાન જીગ્નેશસિંહજી ભુપેન્દ્રસિંહજી સોલંકી
શ્રીમાન યોગેન્દ્રસિંહજી ભુપેન્દ્રસિંહજી સોલંકી
વાંસદા.